૨૨૮ ૨૧ ૮૩૨

જા.નં/જિ.પં/જિશિસ/મકમ–૩/વશી/ /૧૧
જિલ્લા શિક્ષણ સમિતિ
જિલ્લા પંચાયત,ગાંધીનગર
તા.૧૪/૬/૨૦૧૧

પ્રતિ,
સંચાલકશ્રી/પ્રમુખશ્રી,
પટેલ નટવરલાલ જોઈતારામ હરિકૃષ્ણ એજ્યુ.ચેરીટેબલ ટ્રસ્ટ,
ન્યુ એરા એકેડમી ,૪ નંદનબાગ સોસાયટી,શાહીબાગ ,મુ.બોરૂ તા.માણસા

વિષયઃ– ખાનગી પ્રાથમિક શાળાને માન્યતા આપવા બાબત.(અંગ્રજી)
સંદર્ભ :– માન.નિયામકશ્રી ના પત્ર ક્રમાંક : પ્રાશિનિ/ખ–૨/માન્યતા/૧૧/૧૦૬–૧૫૮
તા.૧૭–૨–૧૧

મહાશય,

સવિનય ઉપરોક્ત વિષય પરત્વેની આપની સંસ્થા ધ્વારા **ન્યુ એરા એકેડમી,મુ.બોરૂ તા.માણસા** શાળાની માન્યતા માટે કરેલ અરજી ના સંદર્ભ કરવામાં આવેલ ચકાસણી અને પત્ર વ્યવહારના સંદર્ભે આપના ધ્વારા જૂન–૨૦૧૧ થી શરૂ કરવામાં આવનાર શાળાને પ્રાથમિક શાળા માટે **ધો–૧ થી ૫** પ્રાથમિક શાળા માટે મંજૂરી નીચેની શરતોના પાલન કરવાની શરતે મંજૂરી આપવામાં આવે છે.

૧. પ્રવેશ વખતે શાળા સંચાલક મંડળ કે શાળા ધ્વારા કોઈપણ પ્રકારની કેપીટેશન ફી,દાન (ડોનેશન) અનામત લઈ શકાશે નહિ કે વાલીઓ કે બાળકોના ઈન્ટરવ્યુ લઈ શકશે નહિ.

૨. શાળા કોઈ બાળક ને ઉમંરના પુરાવાના અભાવે પ્રવેશ માટે ના પાડી શકાશે નહિ.કે ધર્મ જ્ઞાતિ કે જાતી કે જન્મ સ્થળ કે તેમાંથી કોઈ પણ એક કારણસર પ્રવેશ આપવા માટે ના પાડી શકશે નહિ.

૩. શાળાએ ખાતરી આપવાની રહેશે કે,

- શાળામાં દાખલ થયેલ કોઈપણ બાળકને પ્રાથમિક શિક્ષણ પુરુ થાય ત્યાં સુધી કોઈ એક વર્ગમાં રોકી શકાશે નહિ.કે વર્ગ કે શાળામાંથી બહાર કાઢશે નહિ.
- કોઈપણ બાળકને શારીરીક શિક્ષા કરશે નહિ.કે માનસિક ત્રાસ આપશે નહિ.
- પ્રાથમિક શિક્ષણ પુરુ થાય ત્યાં સુધી બાળકે કોઈ બોર્ડની પરીક્ષા આપવાની રહેશે નહિ.
- પ્રાથમિક શિક્ષણ પુરુ કરનાર પ્રત્યેક વિધાર્થીને તે અંગેનું પ્રમાણપત્ર આપશે.
- મુંબઈ પ્રાથમિક શિક્ષણ અધિનિયમની ૧૯૪૭ અને મુંબઈ પ્રાથમિક શિક્ષણ નિયમો ૧૯૪૯ ની જોગવાઈ મુંજબ નિયત થયેલ લાયકાતવાળા શિક્ષકોને જ નિમણુંક આપશે.
- શાળાનો કોઈ શિક્ષક ખાનગી ટયુશનને લગતી કોઈપણ પ્રવૃતિમાં ભાગ લેશે નહિ.

M.TRUSTEE / SECRETARY
Harikrushna Education & Cheritable Trust
Shahibaug, Ahmedabad.

PRINCIPAL
NEW ERA ACADEMY
BORU, DT. GANDHINAGAR

૪. રાજ્ય સરકાર ધ્વારા નિયત કરેલ સક્ષમ શૈક્ષણિક સત્તામંડળ ધ્વારા નક્કી કરેલા અભ્યાસક્રમને શાળામાં ભણાવવાના રહેશે.

૫. શાળા પાસે જેટલા વિધાર્થીઓ સમાવી શકે તેવી માળખાકીય વ્યવસ્થા હોય તેટલા વિધાર્થીઓને પ્રવેશ આપવાનો રહેશે.

૬. શાળાની અંદર કોઈપણ પ્રકારના અમાન્ય વર્ગો ચલાવવાના રહેશે નહિ.કે તેજ નામ હેઠળ અન્ય જગ્યાએ શાળા અમાન્ય વર્ગો ચલાવી શકશે નહિ.

૭. શાળાનું મકાન,મેદાન કે અન્ય માળખાગત સુવિધાનો ઉપયોગ ફક્ત શિક્ષણ અને કુશળતા વિકસાવવામાં કરશે,સોસાયટી રજીસ્ટ્રેશન એક્ટ–૧૮૬૦ અથવા અન્ય કોઈપણ કાયદા હેઠળ રચાયેલ મંડળ(સોસાયટી જ શાળા ચલાવી શકશે.

૮. શાળા કોઈપણ વ્યક્તિ અથવા મંડળ અથવા વ્યકિતઓના મંડળ કે અન્ય વ્યકિતઓ ધ્વારા નફા કરવાના હેતુથી ચલાવી શકશે નહિ.

૯. શાળાના નાંણાકિય હિસાબોનું ચાર્ટડ એકાઉન્ટન્ટ પાસેથી ઓડીટ કરાવી તેનું પ્રમાણપત્ર અને જરૂરી સ્ટેટ મેન્ટ સર્ટીફાય કરાવવાનું રહેશે.અને તેની એક નકલ જે તે જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી કે જિલ્લા શિક્ષણાધિકારીશ્રી ઓને મોકલવાની રહેશે.

૧૦. શાળા ધ્વારા જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી, જિલ્લા શિક્ષણાધિકારીશ્રી ઓ રાજય સરકાર અથવા સ્થાનિક સંસ્થાઓ ધ્વારા વખતો–વખત જે પ્રકારની માહિતી માન્યતાની શરતોને પાલન અર્થે કે તેની ત્રુટીઓ દુર કરવા માટે જે માહિતી માંગવામા આવે તે શાળા ધ્વારા પુરી પાડવામાં આવશે.

૧૧. ઉપરોક્ત શરતોનું પાલન ન કરવામાં આવે તો શાળાની માન્યતા રદ કરવામાં આવશે.

જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી
જિલ્લા પંચાયત ગાંધીનગર

M.TRUSTEE / SECRETARY
Harikrushna Education & Cheritable Trust
Shahibaug, Ahmedabad.

PRINCIPAL
NEW ERA ACADEMY
BORU, DT. GANDHINAGAR

નં.જિપ/જિશિસ/મકમ–૩/ખા.શા.વ.વ./ ૧૨૩૩ થી ૧૨૩૭ /૧૩
જિલ્લા શિક્ષણ સમિતિ, જિલ્લા પંચાયત, ગાંધીનગર
તા.૩૦/૦૪/૨૦૧૩

પ્રતિ,
મેનેજીંગ ટ્રસ્ટશ્રી,
હરીકૃષ્ણ એજ્યુકેશન એન્ડ ચેરીટેબલ ટ્રસ્ટ
૪, નંદનબાગ સોસાયટી ભાગ–૧,
રાજેસ્થાન હોસ્પીટલ ની બાજુમાં શાહીબાગ અમદાવાદ –૦૪
ન્યુ એરા એકેડમી મુ.પો.બોરૂ તા.માણસા જિ.ગાંધીનગર

વિષયઃ– <u>જુન–૨૦૧૩</u> ના શૈક્ષણિક વર્ષ થી નવીન ખાનગી પ્રાથમિક શાળા શરૂ કરવાની મંજુરી અંગે.

સંદર્ભ :–(૧)ના.શિ.નિ.શ્રી ગુ.રા.ગાંધીનગર ધ્વારા તા.૨૪/૨/૨૦૧૩ થી જુન–૨૦૧૩ થી શરૂ થતા નવા શૈક્ષણિક વર્ષ થી નવી નોનગ્રાન્ટેડ ખાનગી પ્રાથમિક શાળાઓ તથા ઉપલા ધોરણ/વધારાના નોનગ્રાન્ટેડ વર્ગો શરૂ કરવાની જાહેર ખબર
(૨)આપની સંસ્થાની ની તા૧૫/૩/૧૩ થી <u>જુન–૨૦૧૩</u> ના શૈક્ષણિક વર્ષ થી ખાનગી પ્રા.શાળા ની મંજુરી માટેની/ઉપલા ધોરણો/વધારા ના વર્ગો શરૂ કરવાની અરજી
(૩)ના.શિ.નિ.શ્રી ગુ.રા.ગાંધીનગરનાપત્રક્રમાંકઃપ્રાશિનિ/ખ–૨/માન્યતા/૧૬૯૧–૧૭૮૯/૧૩ તા.૨/૪/૧૩ થી આપેલ ચેક લીસ્ટ મુજબ અત્રેની કચેરી ની નોંધો પર થયેલ આદેશ મુજબ
(૪)અત્રેની કચેરીના તાલુકા/બીટ કે.નિ શ્રી, માણસા ની સ્થળ ચકાસણી રીપોર્ટ તથા અત્રેની કચેરી ની નોંધ પર થયેલ આદેશ મુજબ

ઉપરોક્ત વિષય અન્વયે સંદર્ભ–૧ થી નાયબ શિક્ષણ નિયામકશ્રી આપેલ જાહેર ખબર મુજબ જુન–૨૦૧૩ થી શરૂ થતા નવા શૈક્ષણિક વર્ષ થી નવી નોનગ્રાન્ટેડ ખાનગી પ્રાથમિક શાળાઓ તથા ઉપલા ધોરણ/વધારાના નોનગ્રાન્ટેડ વર્ગો શરૂ કરવાની જાહેર ખબર અન્વયે સંદર્ભ–૨ થી નિર્દેશ કરેલ મુજબ ઓન લાઈન અરજી કરી અત્રે દરખાસ્ત રજુ કરતા સંદર્ભ–૩ થી આપેલ સુચના મુજબ નિર્દેશ કરેલ અધિકૃત અધિકારીની ઉકત અરજી ની ચકાસણી અંગેની વિશેષ નોંધો અને ભલામણો સબબ સંદર્ભ–૩ થી મળેલ સુચના મુજબ વિચારણા કરીને સંદર્ભ–૨ માં નિર્દેશ કરેલ ટ્રસ્ટ <u>ની ન્યુ એરા એકેડમી ઉચ્ચ પ્રા.શાળા</u> ને <u>અંગ્રેજી</u> માધ્યમ <u>ધોરણ–૬ થી ૮</u> ની નવી શાળા શરૂ કરવા માટે ગુજરાત આર.ટી.ઈ.રૂલ્સ–૨૦૧૨ અને આર.ટી.ઈ એકટ ૨૦૦૯ ના નિયમો ની જોગવાઈઓ પ્રમાણે આપની માંગેલી સંસ્થાને નવી શાળા શરૂ કરવા નીચેની શરતો ને આધીન હંગામી ધોરણે મંજુરી આપવામાં આવે છે. વધુમાં નિયામકશ્રી પ્રાથમિક શિક્ષણ તરફથી જાહેરાત પડેથી માન્યતા પ્રમાણપત્ર મેળવી લેવાનુ રહેશે.

<u>શરતોઃ–</u>

૧.આપેલ માન્યતા લંબાવતા પાત્ર નથી.અને તેનો ગર્ભિત અર્થ કોઈપણ રીતે ધોરણ૮થી ઉપરના ધોરણની માન્યતા આપવાના આવર્જન કરવાના કોઈ બંધન તરીકે થશે નહિ.

૨.બાળકોના મફત અને ફરજિયાત શિક્ષણનો અધિકારઅધિનિયમ,૨૦૦૯ના (સન૨૦૦૯ના ૩૫મા), ગુજરાત બાળકોનો મફત ફરજિયાત શિક્ષણનો અધિકાર નિયમો,૨૦૧૨નો જોગવાઈઓ ભારત સરકારે અને રાજ્ય સરકારે બહારપાડેલી માર્ગદર્શિકાઓ અને કોઈ સુચનાઓ, આદેશો અથવા સરકારી ઠરાવો શાળાને બંધનકર્તા રહેશે.

૩.શાળાએ, નજીકના વિસ્તારમાંના નબળા વર્ગના બાળકો અને વંચિત જૂથના બાળકોને, પૂર્વ પ્રાથમિક વર્ગો સહિત ધોરણ ૧ માં તે ધોરણના સંખ્યાબળના ૨૫% સુધી, પ્રવેશ આપવો જોઈએ અને મુકત અને ફરજિયાત પ્રારંભિક શિક્ષણ, તેની સમાપ્તિ સુધી, પુરૂ પાડવું જોઈશે.

૪.કેપિટેશન (માથાદીઠ)ફી લેવા પર પ્રતિબંધિત છે અને તેથી ટ્રસ્ટ, મંડળી અથવા શાળાએ કોઈપણ કેપિટેશન ફી અથવા અન્ય રીતે બીજા દાન અથવા એવી ફીના બદલામાં ચીજવસ્તુઓ લેવી જોઈશે નહિ.

૫.શાળાએ, પ્રવેશ આપવાના હેતુઓ માટે બાળકની અથવા તેના અથવા તેણીના માતા–પિતા અથવા વાલીઓના કોઈપણ રીતે કોઈ સ્ક્રીનીંગ ટેસ્ટ(તપાસ કસોટી)અથવા કાર્યરીતિ અપનાવવી જોઈશે નહિ.

૬.શાળાએ, ઉંમરના પુરાવાના અભાવે અથવા ધર્મ, જ્ઞાતિ, પંથ અથવા જાતિ, જન્મ સ્થળ અથવા તે પૈકીના કોઈપણ આધાર પરકોઈ બાળકોને પ્રવેશ આપવાનો ઈન્કાર કરવો જોઈશે નહિ.

૭. શાળાએ સુનિશ્ચિત કરવું જોઈશે કેઃ– શરત નં ૭ (૧)થી ૭(૫) અને ૭ (૭)થી ૭(૧૨ ) નું ચુસ્ત પણે પાલન કરવાનુ રહેશે.

(૬) (ક)નેશનલ કાઉન્સિલ ઓફ ટીચર્સ એજ્યુકેશને અને રાજ્ય સરકારે અથવા અધિનિયમની કલમ ૨૩ ની પેટા–કલમ (૧)હેઠળ અધિકૃત કરાવેલ હોય એવા સત્તાધિકારીએ નિયત કર્યા પ્રમાણેની લઘુત્તમ લાયકાતો ધરાવતા અને પરીપૂર્ણ કરતા હોય તેવા શિક્ષકોની ભરતી કરાવેલ છે.;

(ખ)શિક્ષણ વિભાગના તારીખ ૨૭મી એપ્રિલ,૨૦૧૧ ના સરકારી ઠરાવ ક્રમાંકઃપીઆરઈ–૧૧૧૦–૨૨૩–કે.થી ઠરાવેલ લાયકાતોનું પાલન થયેલ છે.એ પણ જોવું.;

(ગ)અધિનિયમના આરંભ વખતે લઘુત્તમ લાયકાતો ધરાવતા ન હોય તેવા વિદ્યમાન શિક્ષકોએ અધિનિયમના આરંભથી ૫ વર્ષની મુદતની અંદર એવી લઘુત્તમ લાયકાતો પ્રાપ્ત કરે.;

(ઘ) શિક્ષણ વિભાગના તારીખ ૨૭મી એપ્રિલ ૨૦૧૧ના સરકારી ઠરાવ ક્રમાંકઃપીઆરઈ–૧૧૧૦–૨૨૩–કે. ની પ્રસિધ્ધિ પછી જે કોઈ નવા શિક્ષકનીભરતી કરવામાં આવી હોય તેવા શિક્ષકો સંબંધિત(ગ્રુપ) જૂથ માટે ઠરાવેલી ટીચર્સ એલિજિબિલિટી ટેસ્ટ (ટેટ) પાસ કરવી જરૂરી રહેશે.;

૮.સમુચિત સત્તામંડળે ઘડેલ પાઠ્યક્રમના આધારે તૈયાર કરેલ અભ્યાસક્રમ પ્રમાણે શાળા શિક્ષણ આપે.

૯.શાળાએ, અધિનિયમની કલમ ૧૯માં ઠરાવ્યા પ્રમાણે શાળામાં પ્રાપ્ય સુવિધાઓના પ્રમાણમાં વિદ્યાર્થીઓને પ્રવેશ આપવો જોઈશે.

૧૦. શાળાએ, અધિનિયમની કલમ ૧૯માં નિર્દિષ્ટ કર્યા પ્રમાણે શાળાના ધોરણો અને માપદંડો જાળવવા જોઈશે. અને ખાસ કરીને કોઈ માહિતી પૂરી પાડવાને લગતી, શાળાની વેબસાઈટના નિભાવ અને દર વર્ષે નિયત સમયમાં સાચી અને વિશ્વસનીય ડીઆઈએસઈ (DIES) ડિસ્ટ્રીક ઈન્ફર્મેશન સિસ્ટમ ફોર એજ્યુકેશન ફોર એજ્યુકેશન ડેટા(માહિતી) ભરવાને લગતી નિયમ ૧૩ની તમામ શરતોનું પાલન કરવુ જોઈશે.

(પાછળ)

PRINCIPAL
NEW ERA ACADEMY
BORU, DT. GANDHINAGAR

M.TRUSTEE / SECRETARY
Harikrushna Education & Cheritable Trust
Shahibaug, Ahmedabad.

૧૧.શાળાની જગ્યાની અંદર અથવા એજ નામથી શાળાની બહાર કોઈ અનધિકૃત વર્ગો,ચલાવવા જોઈશે નહિ.

૧૨.શાળાના મકાનનો અથવા અન્ય બાંધકામોનો અથવા મેદાનોનો માત્ર શિક્ષણઅને કૈશલ્ય વિકાસના હેતુઓ માટે જ ઉપયોગ કરવામાં આવે.

૧૩.શાળ,મંડળી રજિસ્ટ્રેશન અધિનિયમ,૧૮૬૦(સન ૧૮૬૦ ના ૨૧મા)હેઠળ નોંધયેલી મંડળી દ્વારા અથવા તત્સમયે અમલમાં હોય તેવા કોઈ કાયદા હેઠળ રચાયેલ સાર્વજનિક ટ્રસ્ટ દ્વારા ચલાવવામાં આવે.

૧૪.શાળ,કોઈ વ્યકતિ,જૂથ અથવા વ્યક્તિઓના મંડળ અથવા કોઈ બીજી વ્યકતિઓના નફા માટે ચલાવાતી નથી.

૧૫.ચાર્ટડ એકાઉન્ટન્ટ પાસે હિસાબોનું ઓડીટકરાવવું જોઈશે. અને પ્રમાણિત કરાવવા જોઈશે અને યોગ્ય હિસાબી પત્રકો નિયમો પ્રમાણે તૈયાર કરવા જોઈશે. દર વર્ષે હિસાબોના તમામ પત્રકો સાથે ઓડીટ કરાયેલ રિપોર્ટની નકલ સક્ષમ સત્તાધિકારીને મોકલવી જોઈશે.

૧૬.આપની શાળાને શાળા શરૂ કરવા હંગામી મંજુરી આપવામાં આવેલ છે.આર.ટી.ઈ.રૂલ્સ–૨૦૧૨ ની જોગવાઈઓ અનુસાર નિયામકશ્રી તરફથી જાહેરાત પ્રસિધ્ધ થયેથી માન્યતા પ્રમાણપત્ર અત્રેથી મેળવી લેવાનું રહેશે અન્યથા આ મંજુરી આપો આપ રદ ગણાશે.

૧૭.શાળા,નિયામક અને સક્ષમ સત્તાધિકારી વખતી વખત ફરમાવે તેવા રિપોર્ટ અને માહિતી પૂરી પાડશે અને શાળા ચાલુ રાખવાની માન્યતાની શરતને પરિપૂર્ણ કરવા અથવા શાળાના કામકાજમાંની ખામીઓ દૂર કરવા રાજ્ય સરકાર/સ્થાનિક સત્તામંડળ આપે તેવા આદેશોનું પાલન કરશે.

૧૮.મંડળી,કોઈ હોયતો,તેનું રજિસ્ટ્રેશન ફરી તાજુ કરવાનું સુનિશ્ચિત કરવું જોઈશે.

જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી
જિલ્લા પંચાયત,ગાંધીનગર

નકલ જાણ અર્થે રવાના–
નિયામકશ્રી,પ્રાથમિક શિક્ષણશ્રી,ગુજરાત રાજ્ય બ્લોક નં–૧૨ ડૉ જીવરાજ મહેતા ભવન જૂના સચિવાલય, પ્રથમ માળ,ગાંધીનગર ૩૮૨૦૧૨

M.TRUSTEE / SECRETARY
Harikrushna Education & Cheritable Trust
Shahibaug, Ahmedabad.

PRINCIPAL
NEW ERA ACADEMY
BORU, DT. GANDHINAGAR

**TRANSLATION**
ORIGINAL DOCUMENTS BY ME

SERIAL NO. B/342 /2016

B Patni 25-2-16
BHARAT S. PATNI
NOTARY
GOVT. OF INDIA
25 FEB 2016

No. JP/JiShiSh/MKM-3/Kh.Sha.V.V./1233 to 1234/13
Jilla Shishan Samiti, Jilla Panchayat, Gandhinagar
Dt : 30/04/2013

NOTARY BHARAT S. PATNI AHMEDABAD CITY GUJARAT GOVERNMENT OF INDIA

To,
Managing Trustee,
Harikrushna Education & Charitable Trust
4, Nandanbaug Society part - 1,
Nr. Rajasthan Hospital, Shahibaug, Ahmedabad - 04
New Era Academy, At & Po : Boru, Ta : Mansa, Dist : Gandhinagar

Sub : Re approval for starting new self financed primary school from academic year June - 2013

Ref : (1) Advertisement dated 24/2/2013 of Deputy education director, Gujarat State, Gandhinagar for starting new self financed primary school from academic year June - 2013

(2) Your application dated 13/3/2013 seeking for approval / higher standard / additional classes from June - 2013.

(3) As per orders on the office note on letter no :PraShiNi/Kh-2/Manyata/1691-1749/13 dt.2/4/13 of Dy.Edu.Director, Government Gujarat.

(4) As per orders on office note & LIC report of this office's Taluka/bit Ke. Ni shree, Mansa.

Deputy Director of Education has made public notice for starting new non-granted private primary school and higher classes / additional non granted classes vide reference -1. As per instructions of Reference - 2, you have submitted your proposal through online mode. On the basis of special remarks and recommendation of competent authority as mentioned in reference -3. Your request for starting NEW ERA ACADEMY HIGHER PRIMARY SCHOOL for English Medium for Std : 6 to 8 is approved temporarily subject to terms and conditions mentioned below alongwith provisions of Gujarat RTE Rules - 2012 and RTE Act - 2009. Furthermore you have to obtain certificate of recognition when Director, Primary Education notifies same

**Terms & Conditions :**

1. This recognition is not to be deemed as extension and same can not be interpreted in any menace for granting approval for any class above standard - 8.
2. You shall be abide by Provisions of RTE Act, 2009, Gujarat RTE Rules, 2012, Guidelines issued by Government of Gujarat & Government of India, Any orders and Government Resolutions issued time to time.
3. School shall give admission under free and compulsory education to the children of Economical Weaker section in Pri-Primary and Standard - 1 upto 25% of class strength and shall continue providing free and compulsory education till completion.
4. Capitation fees are prohibited. So, trust, society or school shall not accept any fee or donation or items in lieu of such fees.
5. School, for the purpose of admission shall not adopt any menace like interviewing parent or children or conducting any screening test for admission.
6. School, shall not refuse any admission on the basis of non-availability of proof of age, religion, caste, gender birth place etc.
7. School ensure effective implementation of condition nos 7(1) to 7(5) and 7(7) to 7(12).
   (A) Recruitment of teacher is to be done at par with the minimum standards of recruitment defined by NCTE, State Government or competent official mentioned under section 23(i) of the act.
   (B) Ensure compliance with eligibility criteria lied by Education Department Government Resolution No : PRE/1110/223/K Dt : 27/04/2011
   (C) Teacher appointed at the time of beginning of Act and not having prescribed qualification shall have to obtain such qualification within 05 years.
   (D) Any teacher recruited after announcement of Education Department Government Resolution No : PRE/1110/223/K Dt : 27/04/2011 needs to clear Teacher's Eligibility Test (TET) for concerned group.
8. School shall impart education as per curriculum designed by concerned Education board.
9. School shall give admission on the basis of available facilities and provisions of section 19 of the Act
10. School, shall maintain standards at par with section 19 of Act. Particularly in providing any information, maintenance of school website and all conditions of Rule - 13 for providing annual data in District Information system for Education (DIES).

(P.T.O.)

PRINCIPAL
NEW ERA ACADEMY
BORU, DT. GANDHINAGAR

M.TRUSTEE / SECRETARY
Harikrushna Education & Cheritable Trust
Shahibaug, Ahmedabad.

NOTARIAL

11. School, in campus outside campus shall not conduct any unauthorised classes.
12. School building, other buildings or grounds shall be used for the purposes of education and skill development only.
13. School, be managed and run by Public Trust or society registered under Society Registration Act, 1860 or Act in force at the time of establishment.
14. School shall not be run for profit of person, group of person, society or other person.
15. School Accounts are to be audited and certified annually by chartered accountant. Audit Report along with relevant statements shall be submitted to the concern office on yearly basis.
16. This is temporary approval for starting the school. You shall obtain certificate of recognition for Director, after announcement as per provisions of RTE Rules - 2012. Failing in obtaining certificate of recognition shall automatically cancel this approval.
17. School shall provide such information and reports which are asked by Director or competent officer, to comply with conditions of continuation of approval and follow the orders of State Government / Local Authority issued for lacks in operation of school.
18. If it is a society, renewal of registration needs to be ensured.

SD/-
District Primary Education Officer,
District Panchayat, Gandhinagar

Copy to :-
Director, Primary Education, Gujarat State, Block No : 12, Dr. Jivraj Mehta Bhavan, Juna Sachivalay, 1st Floor, Gandhinagar - 380012

NOTARY BHARAT S. PATNI AHMEDABAD-CITY GUJARAT REGN. NO. 8684/11 EXPIRY DT. 19-09-2016 GOVERNMENT OF INDIA

This is The True & Correct Translation of the Original document From Gujarati / ~~Hindi~~ into English which produce before me.

25-2-16
BHARAT S. PATNI
NOTARY
GOVT. OF INDIA

25 FEB 2016

NOTARY BHARAT S. PATNI AHMEDABAD-CITY GUJARAT REGN. NO. 8684/11 GOVERNMENT OF INDIA

**M.TRUSTEE / SECRETARY**
**Harikrushna Education & Cheritable Trust**
**Shahibaug, Ahmedabad.**

**PRINCIPAL**
**NEW ERA ACADEMY**
**BORU, DT. GANDHINAGAR**